# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૬૪
# તારીખ.૨૦–૦૯–૨૦૨૩

નગરપાલિકાના પેન્સનરોને ચોથા પગારપંચથી પાંચમાં પગારપંચ તથા પાંચમાં પગારપંચમાંથી છટ્ઠા પગારપંચના એરીયર્સ ચુકવવા માટે લગભગ રૂા. ૧૩.૦૨ કરોડ ચુકવવાના થાય છે. આ ચુકવણુ કરવા શ્રીનિધિ લોન લેવા માટે તા.૦૫–૦૯–૨૦૨૩ ની એકઝીકયુટીવ કમિટીના ઠરાવ નં. ૧૪૦ થી કરાવેલ છે.

હાલ નગરપાલિકાની આર્થિક સ્થિતિ ઘણી જ ખરાબ છે. સરકારશ્રીમાંથી ઓકટ્રોયની ગ્રાન્ટ દર ત્રણ માસે રૂા. ૭૨.૦૦ લાખ મળે છે. જો શ્રીનિધિ લોન સરકારશ્રીમાંથી લેવામાં આવે તો દર ત્રણ માસે મળતી ઓકટ્રોય ગ્રાન્ટમાંથી રૂા. ૨૧.૦૦ લાખનો હપ્તો દર માસે કપાતાં, ત્રણ માસે આવતી ગ્રાન્ટમાંથી રૂા.૬૩.૦૦ લાખ નો હપ્તો કપાઈ જાય. આ હપ્તો કપાતા નગરપાલિકાને ત્રણ માસે રૂા. ૦૯.૦૦ લાખ ઓકટ્રોય ગ્રાન્ટમાંથી મળે. આ ગ્રાન્ટ કપાતા મળતી ગ્રાન્ટમાંથી નગરપાલિકાનો માસિક પગાર તથા પેન્શન ચુકવવું અશકય થઈ જાય. નગરપાલિકામાં નવેમ્બર – ડિસેમ્બરમાં ટેક્ષની આવક થાય છે. આ સમયગાળામાં પેન્શનરોને જો દર વર્ષે ૧૦% એરીયર્સ ચુકવવામાં આવે તો નગરપાલિકાનું સંચાલન સારી રીતે થઈ શકે. પેન્શનરોને ચુકવવાના થતા એરીયર્સની ૧૦% રકમ ડિસેમ્બર–૨૩થી જ ચુકવવાના ચાલુ કરીને બાકીના વર્ષોમાં દર વર્ષેના ડિસેમ્બર માસની ૩૧ તારીખ સુધીમાં ૧૦% પ્રમાણે ચુકવવા ઠરાવવામાં આવે છે.

**સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**
**સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા**
**સહી.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ**
**સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા**
**સહી. સોનલબેન નિતીનકુમાર જોષી**
**સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી**
**સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા**

# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૬૫
# તારીખ.૨૦–૦૯–૨૦૨૩

આજ રોજ તારીખ.૨૦–૦૯–૨૦૨૩ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૧૫, ૧૧૬ અને ૧૧૭ અનુસાર શહેરની ખાનગી મીલકતોની નામ ટ્રાન્સફર અંગેની નગરપાલિકામાં આવેલ અરજીઓનો ક્રમ ૧ થી ૧૫ સુધીની અરજીઓ ટેક્ષ વિભાગ આવેલ છે. જે ચર્ચા વિચારણા ની અંતે યોગ્ય જણાવેલ હોઈ સદરહુ અરજીઓ મુજબની તમામ મીલકતોના નામ ટ્રાન્સફર કરવાની મંજુરી આપવામાં આવે છે તદઅનુસારની નોંધ આકારણી રજીસ્ટર અને ડીમાન્ડ રજીસ્ટરે કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે અને ટેક્ષ વિભાગ તરફથી જાહેરાત આપેલ તેમાં કોઈ વાંધા અરજી આવેલ નથી જેથી નાણાંકીય વર્ષમાં આખરી કરાવેલ ડીમાન્ડ મંજુર રાખવામાં આવે છે અને તે મુજબ અમલવારી કરવાની રહે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી

# ખંભાત નગરપાલિકા – ખંભાત

# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૬૬

# તારીખ.૨૦–૦૯–૨૦૨૩

આજ રોજ તારીખ.૨૦–૦૯–૨૦૨૩ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે શહેરની ખાનગી મીલકતો જે એકત્ર કરવા ભાગ પાડવા નામ શેષ (ખંડેર) કરવા ધંધાકીય (બીન રહેણાંક) કરવા તથા નંબર કમી કરવા આવેલ અરજી નંબર ૧ થી ૨ સુધીની અરજીઓની ઝોનલ મારફતે સ્થળ તપાસનો રીપોર્ટ કરાવવીને ટેક્ષ વિભાગ મારફતે રજુ થયેલ સદરહુ અરજીઓમાં નિયમ મુજબ ફેરફાર કરવા તથા આકારણી રજીસ્ટરે તથા ડીમાન્ડ રજીસ્ટરમાં સુધારા મંજુર તથા તે માટે ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી

# ખંભાત નગરપાલિકા, ખંભાત.
# એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૬૭
# તારીખ.૨૦–૦૯–૨૦૨૩

આગળનો રીપોર્ટ તથા ચીફ ઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા લાઈટવિભાગની સ્ટ્રીટલાઈટની બંધ લાઈનો તથા ઝંમ્પરો મારવાની કામગીરી મધ્ય ગુજરાત વીજ કંપનીના કર્મચારી તથા લાઈટવિભાગના કર્મચારી જોડે કામગીરી કરવા લઈ જવામાં આવે છે તે કામગીરીમાં લાઈટવિભાગની લીડરવાન ગાડી જી.જે.૨૩ જી.૦૪૪૩ ની છોટાહાથી ગાડી સર્વિસ તથા રીપેરીંગ કરવા માટે ગાડીના ડ્રાઈવરે જણાવેલ જે અનુંસંધાને સેનીટેશનવિભાગની ગાડીઓનું રીપેરીંગ કામ સહારા ઓટો મોબાઈલ્સ વર્કસ પાસે કરાવે છે તે ફોરમેન જોડે લાઈટવિભાગની છોટાહાથી ગાડી જી.જે.૨૩ જી.૦૪૪૩ સર્વિસ તથા ડીઝલ પંપનું કામ વાલ્વ નવો,વ્હીલવાળી પ્લેઝરકીટ નવી નાખેલ,ડીઝલ પંપ મશીન ઉપર લગાવી સર્વિસીંગ તથા ફીટીંગ મજુરી,પંપ એસેમ્બલી ખોલીને ફીટીંગ મજુરી, ટાઈમર કંમ્પલેટ કરી ફીટીંગ મજુરીનાં કુલ રીપેરીંગ ૬૦૦૦/રૂ.કિમંતેથી સહારા ઓટો મોબાઈલ્સ વર્કસવાળા પાસે તારીખ.૦૪–૦૯–૨૦૨૩ના રોજ રીપેરીંગ કરાવેલ તેમાં થયેલ ખર્ચ મંજુર રાખવામાં આવે છે.તથા તેનાં તેમને રોકડસિલકમાંથી ચુકવવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી

**ખંભાત નગરપાલિકા, ખંભાત.**

**એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૬૮**

**તારીખ.૨૦–૦૯–૨૦૨૩**

આગળનો રીપોર્ટ તથા ચીફ ઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા લાઈટવિભાગનાં કર્મચારીનાં રીપોર્ટ અન્વયે ખંભાત નગરપાલીકા લાઈટવિભાગ ટેમ્પા નંબર.GJ 23-G-0443માં બેટરી શીવ બેટરી વાળાને બતાવેલ તેમને બેટરી ચાલે તેમ નથી તેમ જણાવેલ છે જે નવી બેટરી નાખવાની જરૂરત છે.૧ નંગ એકસાઈડ કંપની ૩ વર્ષની ગેરંટીવાળી બેટરી ૪૦૦૦/રૂ.કિમતેથી શીવ બેટરી પાસે ખરીદી કરવા મંજુર કરવામાં આવે છે.તથા તે ખરીદી કરેલ બેટરીમાં થયેલ ખર્ચ મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૬૯
## તારીખ.૨૦–૦૯–૨૦૨૩

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકા હસ્તકની નીચે જણાવેલ શોપીંગ સેન્ટરની જાહેર હરાજીમાં બાકી રહેલ દુકાનોની જાહેર હરાજી કરવા માટે દૈનિક પેપર નયા પડકાર આણંદ જીલ્લા આવૃત્તિમાં જાહેરાત પ્રસિધ્ધ કરાવવી તથા શહેરમાં રીક્ષામાં લાઉડ સ્પીકર બાંધી જાહેરાત કરાવવા તથા શહેરના સ્થાનિક સાપ્તાહિક પેપર નવસંસ્કાર/આજ કા પ્રતિબંધ માં જાહેરાત પ્રસિધ્ધ કરાવવા માટે આપવી, અને આ અંગેના બેનર નંગ–૩ બનાવી જે નગરપાલિકાના કોમ્પલેક્ષ, શોપીંગ સેન્ટર ઉપર લગાવી બહોળી પ્રસિધ્ધી કરાવવા અને તેનું જે કાંઈ બીલ આવે ચુકવી આપવા મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત દુકાનોની શરતો જે તે સમયે નકકી થયેલ છે તે મુજબની રહેશે.

| અ.નં. | શોપીંગ સેન્ટરનું નામ | બાકી રહેલ દુકાન નંબર | કુલ |
|---|---|---|---|
| (૧) | નવી શાકમાર્કેટ ઉપર, મોસમપુરા રોડ | 21-U, 20-F, 23-F, 32-F, 33-F, 34-F, 35-F, 36-F | 8 |
| (૨) | સ્થંભતીર્થ કોમ્પલેક્ષ, ગ્રાઉન્ડ ફલોર | 21, 26, 27 | 3 |
| (૩) | રણજીતરાય શાસ્ત્રી કોમ્પલેક્ષ, ગ્રાઉન્ડ ફલોર | 11 | 1 |
| (૪) | રણજીતરાય શાસ્ત્રી ભવન, ફસ્ટ ફલોર | 5, 6, 7, 8, 10, 11, 13, 14 | 8 |
| (૫) | ત્રંબાવટી કોમ્પલેક્ષ, ગ્રાઉન્ડ ફલોર | 12 | 1 |
| (૬) | ત્રંબાવટી કોમ્પલેક્ષ, ફસ્ટ ફલોર | 17, 18, 29, 30 | 4 |

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૭૦
# તારીખ.૨૦–૦૯–૨૦૨૩

આથી ઠરાવ કરવામાં આવે છે કે આસો માસના નવરાત્રી મહોત્સવ માટે નગરપાલિકા હસ્તકનું ચકડોળ ગ્રાઉન્ડ શ્રી રાહુલકુમાર વિજયભાઈ ભટ્ટ રહેવાસી.ખંભાત ઠે. કંસારા બજાર ની અરજી તારીખ.૧૮–૦૯–૨૦૨૩ના રોજ અરજી આવેલ છે તેઓને નીચે જણાવેલ શરતોને આધીન લાયસંસ ફી થી આપવા ઠરાવવામાં આવે છે.

**શરતો**

(૧) અરજદારશ્રી ચકડોળ ગ્રાઉન્ડનો ઉપયોગ તારીખ.૧૫–૧૦–૨૦૨૩ થી તારીખ. ૨૪–૧૦–૨૦૨૩ દરમ્યાન દિન–૧૦ માટે નવરાત્રી અંગે જ કરી શકશે તથા તારીખ.૨૫–૧૦–૨૦૨૩ ના રોજ ગ્રાઉન્ડનો પ્રત્યક્ષ અને લેખીત કબજો ખંભાત નગરપાલીકાને સુપ્રત કરી આપવાની અરજદાર સંસ્થાની જવાબદારી રહેશે.

(૨) ચકડોળ ગ્રાઉન્ડના વપરાશ ઉપભોગ માટે પ્રતિ દીન લેખે રૂપિયા.૧૫૦૦/– ટોકન ચાર્જ પેટે કુલ રૂપિયા.૧૫૦૦૦/– અંકે રૂપીયા પંદર હજાર પુરા પ્રમાણે નકકી કરવામાં આવેલ છે. જે રકમ ખંભાત નગરપાલીકા કચેરીમાં આગોતર જમા કરાવવાના રહેશે.જે નોનરીફંડેબલ રહેશે અને ત્યાર બાદ જ એન.ઓ.સી. આપવામાં આવશે.

(૩) નગરપાલીકા હસ્તકના ચકડોળ ગ્રાઉન્ડમાં અરજદારશ્રી તરફથી ઉપરોકત સમય ગાળા દરમ્યાન યોજાનાર ગરબા નવરાત્રી મહોત્સવમાં શહેરના કે શહેર બહારના તમામ નાગરીકોને કોઈપણ જાતના ભેદભાવ વગર વિનામુલ્યે પ્રવેશ આપવાનો રહેશે.નાગરીકો પાસેથી આ અનુસંધાને કોઈપણ પ્રકારનો પ્રત્યક્ષ કે પરોક્ષ ચાર્જ અરજદારશ્રી વસુલ કરી શકશે નહી.

(૪) આ અંગે સરકારી / અર્ધસરકારી કચેરીઓ ની સંબંધીત બાબતોએ લેવાની થતી મંજુરીઓ અરજદારશ્રી એ આગોતરા મેળવી લેવાની રહેશે.

(૫) સદરહુ ગ્રાઉન્ડ ઉપર પાણી,સેનીટેશન,જાહેર આરોગ્ય સલમાતી સહીતની નાગરીક વ્યવસ્થાઓ અરજદારશ્રીએ કરવાની રહેશે.

(૬) ચકડોળ ગ્રાઉન્ડ ખાતેની નગરપાલીકા હસ્તકની હદ મર્યાદા પુરતી જ જમીન અરજદારશ્રીએ સુચિત હેતુ માટે વાપરવાની રહેશે.

(૭) ઉપરોકત સમયગાળા દરમ્યાન ચકડોળ ગ્રાઉન્ડમાં થનાર ગરબા મહોત્સવમાં અકસ્માત જાનહાની દુર્ઘટના કે અન્ય બનાવોની સંપુર્ણ જવાબદારી અરજદારશ્રી ની રહેશે.અરજદારશ્રીએ આવા બનાવો ન બને તેની પુરતી તકેદારી અને કાળજી

લેવાની રહેશે.

(૮) ચકડોળ ગ્રાઉન્ડ આગળ ઉકત કાર્યક્રમ દરમ્યાન યોગ્ય પાર્કીગની વ્યવસ્થા અરજદારશ્રીએ કરવાની રહેશે.

(૯) ચકડોળ ગ્રાઉન્ડ ઉપર કોઈપણ પ્રકારનું કાચુપાકુ બાંધકામ નગરપાલીકાની પુર્વ મંજુરી વગર કરી શકાશે નહીં.

(૧૦) ચકડોળ ગ્રાઉન્ડ નો કબજો જે સ્થિતિમાં આપવામાં આવે તેજ સ્થિતિમાં અરજદારશ્રીએ નગરપાલીકાને પરત કરવાની રહેશે.

(૧૧) આ બાબતે નામદાર અદાલતો કે કલેકટરશ્રી સમક્ષ ચાલતા કેસોમાં જે કાંઈ ચુકાદા–હુકમો –દીશા નિર્દેશો આવેતો અરજદારશ્રીને બંધન કર્તા રહેશે.

(૧૨) આ સબંધે સરકારશ્રી તરફથી કે નગરપાલીકા તરફથી જે કાંઈપણ હુકમો કે સુચનાઓ આપવમાં આવે તે અરજદારશ્રીને બંધનકર્તા રહેશે.

(૧૩) ઉપરોકત શરતો ઉપરાંત અન્ય શરતો પણ નગરપાલીકા મુકી શકશે જેનો અમલ કરવા અરજદારશ્રીએ  તેનુ પાલન કરવા બંધાયેલ રહેશે.

(૧૪) વાદ વિવાદના પ્રસંગોમાં નગરપાલીકાનો નિર્ણય આખરી રહેશે.

(૧૫) આ અંગે અરજદારશ્રીએ રૂા.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર લેખીત કરારનામું કરી જવાનું રહેશે.

(૧૬) ઉપરોકત શરતોના ભંગ બદલ આ હુકમ આપો આપ રદ થશે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા
સહી.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી

## ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૭૧

## તારીખ.૨૦–૦૯–૨૦૨૩

આથી ઠરાવ કરવામાં આવે છે કે છેલ્લા વર્ષોથી ખંભાતમાં દિવાળીના સમયમાં ખંભાત ઠે. માદળા તળાવ પાસે આવેલ ચકડોળ ગ્રાઉન્ડમાં દિવાળી મેળાનું આયોજન થતું આવેલ છે અને તે મુજબ ચાલુ સાલે તારીખ. ૦૮–૧૧–૨૦૨૩ થી તારીખ.૨૭–૧૧–૨૦૨૩ સુધી દિવાળી સમય દરમ્યાન સદર ચકડોળ ગ્રાઉન્ડ નીચેની શરતોએ જાહેર હરાજીથી રૂપીયા.૨૫,૦૦,૦૦૦/– અંકે રૂપીયા. પચ્ચીસ લાખ પુરા ની અપસેટ કીંમતે આપવા ઠરાવવામાં આવે છે.

## હરાજીની શરતો.

(૧) હરાજીમાં ભાગ લેવા માટે રૂા.૨,૦૦,૦૦૦/– અંકે રૂપીયા. બે લાખ પુરા રોકડા અથવા ડીમાન્ડ ડ્રાફટથી ડીપોઝીટ તા.૦૩–૧૦–૨૦૨૩ના બપોરના ૩–૦૦ કલાક સુધીમાં ઓફીસ સમય દરમ્યાન ખંભાત નગરપાલિકામાં રોકડેથી ભરવાની રહેશે.

(૨) દિવાળી મેળાના આયોજન માટે ચકડોળ ગ્રાઉન્ડ નગરપાલીકા હસ્તકની જ જગ્યા હંગામી ધોરણે મેળાના દિવસો દરમ્યાન મેળાના આયોજન માટે વાપરવા આપવા નોન–રીફંન્ડેબલ પ્રિમિયમ લાયસન્સ ફી ની અપસેટ કીંમત રૂા.૨૫,૦૦,૦૦૦/– અંકે રૂપીયા પચ્ચીસ લાખ પુરા કિંમતે આપવા ઠરાવવામાં આવે છે. અને તેનાથી ઉપરની બોલી રૂપીયા ૨૦,૦૦૦/– વીસ હજારના ગુણાંકમાં બોલવાની રહેશે.

(૩) દિવાળી મેળાના આયોજન માટે ચકડોળ ગ્રાઉન્ડ ની જગ્યા તા.૦૮/૧૧/૨૦૨૩ થી થી તા.૨૭/૧૧/૨૦૨૨ એટલે કે (આસો વદ–૧૧ થી કારતક સુદ–૧૫) સુધી ૨૦(વીસ) દિવસ માટે મેળાના દિવસો સુધી લાયસન્સ ફી થી વાપરી શકાશે.

(૪) હરાજીમાં સૌથી ઉંચી બોલી બોલનાર ને જગ્યા (ગ્રાઉન્ડ) ફાળવવી કે નહીં તેનો આખરી નિર્ણય નગરપાલિકાનો રહેશે. જે સર્વેને બંધનકર્તા રહેશે.

(૫) હરાજીમાં જે ઉંચી બોલીની રકમ મંજુર થાય તે બોલી ની ૬૦% બોલીની રકમ મંજુર થયે હરાજી પુરી થયે તુરંત નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે અને બાકીની ૪૦% રકમ હંગામી વીજ જોડાણ માટે એન.ઓ.સી. આપતી વખતે નગરપાલિકામાં

જમા કરાવવાની રહેશે. એટલે કે હરાજીની બોલી મંજુર થયેલ પુરેપુરી રકમ એન.ઓ.સી.આપતી વખતે જ નગરપાલિકામાં જમા કરાવ્યા બાદ જ નગરપાલિકા તરફથી મેળાના આયોજન માટે જગ્યાનો કબજો આપવામાં આવશે.

(૬) હરાજીમાં બોલીની મંજુર થયેલ પુરેપુરી રકમ દરેક તબકકે રોકડેથી / ડીમાન્ડ ડ્રાફટથી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે.

(૭) હરાજીમાં મંજુર કરેલ બોલીની પુરેપુરી રકમ શરત (૫) તથા શરત (૬) માં જણાવ્યા મુજબ નગરપાલિકામાં જમા કરાવવામાં ચુક થશે તો દિવાળી મેળાના આયોજન માટેની જગ્યાની ફાળવણી રદ કરવામાં આવશે અને હરાજીની બોલી માટે ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

(૮) હરાજીમાં સૌથી ઉંચી બોલી જેની મંજુર કરવામાં આવે તેઓ હરાજીની શરતો મુજબ બોલીની પુરેપુરી રકમ નગરપાલિકામાં નહી ભરે તો તેની બોલી રદ કરવામાં આવશે અને તે સંજોગોમાં સદર જગ્યા અન્યને ફાળવવા માટે રકમ નકકી કરવાનો કે ફાળવણી કરવાનો નિર્ણય નગરપાલિકા કરશે.

(૯) મેળાની શરૂઆત પહેલા પ્રવર્તમાન સરકારી કાયદા મુજબ નકકી કરેલા જરૂરી પરવાના લાયસન્સ વિગેરે જે તે ઓથોરીટી પાસે મેળવી લેવાની જવાબદારી મેળાના આયોજન માટે ગ્રાઉન્ડ રાખનારની રહેશે.

(૧૦) મેળાના દિવસો અને મેળાના સમય દરમ્યાન મેળામાં ભાગ લેનાર ગ્રાહકો – પ્રજાજનોની સલામતીની સંપુર્ણ જવાબદારી ગ્રાઉન્ડ રાખનારની રહેશે. અને તે માટે ગ્રાઉન્ડ રાખનારે જરૂરી આયોજન કરવાનું રહેશે તથા તેના ઈન્સ્યોરન્સ ફરજીયાત લેવાનો રહેશે.

(૧૧) મનોરંજનની આઈટમો ગ્રાઉન્ડ ઉપર ગોઠવવા માટે જગ્યામાં જે કોઈ લેવલીંગ વિગેરે અનુકુળતા મુજબ કરવાની જવાબદારી જગ્યા ભાડે રાખનારની રહેશે. અને તે અંગેનો કોઈ જ ખર્ચ નગરપાલિકા ભોગવશે નહીં. તથા મેળો પુરો થયેથી ગ્રાઉન્ડ જે તે પરિસ્થિતિમાં હતું તે મુજબ લેવલીંગ કરી આપવાનું રહેશે.

(૧૨) ચકડોળ ગ્રાઉન્ડ સિવાય બાકીની જમીન પર મનોરંજનની આઈટમ અગર અન્ય સ્ટોલ લગાવી શકાશે નહીં.

(૧૩) જે ઈસમની બોલી મંજુર થઈ હશે તેમણે ભરેલ રૂપીયા.૨,૦૦,૦૦૦/– અંકે રૂપિયા બે લાખ પુરા ડીપોઝીટની રકમ કારતક સુદ–૧૫ (પૂનમ)પછી મેળો પુરો થયા પછી ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

(૧૪) ચકડોળ ગ્રાઉન્ડમાં વચ્ચેના ભાગે પાણીની લારીઓ તથા અન્ય લારી ગલ્લાઓ માટે ૨૧ (એકવીસ)ની સંખ્યામાં જગ્યા રાખવાની રહેશે. તેમજ જાહેર જનતાને બેસવા માટેની જગ્યા પણ રાખવાની રહેશે. આ મુજબની જરૂરી સુચનાઓ નગરપાલિકા તરફથી આપવામાં આવશે તે મુજબ વર્તવાનું રહેશે.

(૧૫) ચકડોળ ગ્રાઉન્ડમાં મનોરંજનની આઈટમો તથા વચ્ચેના ભાગે લારી ગલ્લા ઉભા રાખવાની તથા બેસવાની જગ્યા વચ્ચે જાહેર જનતાની અવર જવર માટે ૪૦ ફુટના રસ્તાની જગ્યા રાખવાની રહેશે.

(૧૬) કાયદાથી પ્રતિબંધિત કે જુગાર સટ્ટા કે અશ્લીલ આઈટમો સદર જગ્યામાં ગોઠવવા કે પ્રતિબંધિત ચીજ વસ્તુઓના વેચાણ માટે દુકાન કે સ્ટોલ કરી શકાશે નહીં.

(૧૭) મેળાની શરૂઆત થતાં પહેલા રાજય સરકાર કે ઉપલી ઓથોરીટી તરફથી આ મેળાના આયોજન માટે મનાઈ ફરમાવવામાં આવે કે રદ કરવાનો હુકમ કરવામાં આવે તેવા સંજોગોમાં જગ્યાની ફાળવણી રદ કરવામાં આવશે અને ભરેલ રકમ પરત કરવામાં આવશે નહીં.

(૧૮) મેળાની શરૂઆત થઈ ગયા પછી અધવચ્ચે શરત (૧૫) માં જણાવ્યા મુજબની પરિસ્થિતિમાં ભાડાની નકકી થયેલ રકમનો (શરત–૩ મુજબના) મેળાના દિવસો દીઠ ગણતરી કરીને ભાડાની ગણતરી કરી નિકાલ કરવામાં આવશે.

(૧૯) ચકડોળ ગ્રાઉન્ડની જગ્યામાં સલામતીની વ્યવસ્થાના કામે નગરપાલિકાનું ફાયર ફાઈટર ઉભુ રાખવા તથા સ્ટાફ માટેની જગ્યા નગરપાલિકા માટે અનામત રાખવાની રહેશે. તેમજ ઈજારદારે ફાયર સેફટીની સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે અને ફાયરનો કોઈપણ બનાવ બનશે તો તેની સંપુર્ણ જવાબદારી ચકડોળ ગ્રાઉન્ડ રાખનાર ઈજારદારની રહેશે.

(૨૦) ચકડોળ ગ્રાઉન્ડ રાખનાર વ્યકિતઓએ આવા મેળા કરેલ હોય તેના પ્રમાણપત્રો (ખંભાત તથા અન્ય જગ્યાના) અનુભવના પત્રો રજુ કરવાના રહેશે.

(૨૧) મેળા દરમ્યાન આગ, અકસ્માત કે શોર્ટ સર્કીટ કે અન્ય કોઈપણ પ્રકારની જાન હાની કે નુકશાન થાય તેવા બનાવો ના બને તેની સંપુર્ણ તકેદારી આયોજકે રાખવાની રહેશે તેમજ મેળામાં ચકડોળ, ટોરાટોરા, બ્રેક ડાન્સ, રાઈડર, જેવી મનોરંજન માટે વપરાતી રાઈડઝ ગોઠવવામાં આવે તેની સલામતીની સંપુર્ણ વ્યવસ્થા આયોજકે કરવાની રહેશે અને તે તમામ રાઈડઝમાં કોઈ ખામી નથી તેવું સક્ષમ ઓથોરીટી / આર.એન્ડ બી ના મીકેનીકલ ડીપાર્ટન્ટનું પ્રમાણપત્ર મેળવીને રજુ કરવાનું રહેશે. અને રોજે રોજ મેળા દરમ્યાન પ્રમાણપત્ર મેળવી રજુ કરવાનું રહેશે. અને આ પ્રકારનો કોઈપણ બનાવ બનશે કે અકસ્માત સર્જાશે તો તેની સંપુર્ણ જવાબદારી આયોજકની રહેશે.

(૨૨) હરાજીમાં ભાગ લેનાર વ્યકિતએ પોતાનું ઓળખકાર્ડ રજુ કરવાનું રહેશે તથા સરનામાનું પ્રુફ પણ રજુ કરવાનું રહેશે.

(૨૩) સરકારના કે કોર્ટના કોઈપણ હુકમના કારણે જો દિવાળી મેળાનું આયોજન કેન્સલ કરવું પડે (રદ કરવું પડે) કે કોઈ આસમાની સુલતાની (Act of God) થાય તો તેને માટે નગરપાલિકા જવાબદાર ગણાશે નહીં.

(૨૪) એચ–૧, એન–૧, ફલુ (સ્વાઈન ફલુ) ના વાયરસને અસરના કારણે જરૂરી લાગે તો આરોગ્ય વિભાગની પુર્વ મંજુરી મેળાના આયોજકોએ મેળવી લેવાની રહેશે તેમજ આ અંગેની જરૂરી સુવિધા તેમજ ડોકટરો વિગેરેની વ્યવસ્થા પણ જો કરવાની થાય તો તે આયોજકોએ પોતાના ખર્ચે કરવાની જવાબદારી રહેશે

(૨૫) આ ઉપર જણાવેલ તમામ શરતો પૈકીની કોઈપણ શરતમાં સુધારો વધારો કરવાની તમામ સત્તા નગરપાલિકાના પ્રમુખશ્રી તથા એકઝીકયુટીવ કમીટીને રહેશે અને તે ઈજારદારે માન્ય રાખવાની રહેશે.

(૨૬) ચકડોળ ગ્રાઉન્ડ રાખનાર ઈજારદારે દૈનિક મોટી ચકડોળની ટિકીટ દર રૂપિયા.૫૦/– અંકે રૂપીયા પચાસ પુરા અને નાની ચકડોળની ટિકીટ દર રૂપિયા.૩૦/– અંકે રૂપિયા ત્રીસ પુરા થી વધુ ટિકીટ દર વસુલી શકશે નહી.

(૨૭) દિવાળી મેળા માટે જે ઈસમની બોલીની રકમ મંજુર થયેલ હશે તેની ઉપર સરકારશ્રી ના નિયમઅનુસાર જી.એસ.ટી. ચાર્જ અલગથી ખંભાત ન.પા.માં ભરવાનો રહેશે.

ઉપરોકત શરતોએ જાહેર હરાજી કરવા માટે નયા પડકાર તથા સંદેશ દૈનિક – પેપરમાં જાહેરાત આપી અને તે અંગેનો ખર્ચ સ્વભંડોળમાંથી કરવો તથા જાહેર હરાજીની સંપૂર્ણ કાર્યવાહી નગરપાલિકાના પ્રમુખશ્રી તથા એકઝીકયુટીવ કમીટી ચેરમેનશ્રી તથા કમીટીના સભ્યની હાજરીમાં થશે અને આખરી નિર્ણય માનનીય પ્રમુખશ્રી ખંભાત નગર–પાલિકાનો રહેશે.

જાહેર હરાજી તારીખ.૦૩–૧૦–૨૦૨૩ના રોજ બપોરના ૦૪–૩૦ કલાકે ખંભાત નગરપાલિકા હોલમાં કરવામાં આવશે. જેથી જેઓ ભાગ લેવા માંગતા હોય તેઓ એ નિયત સમયમાં ડીપોઝીટ ભરી ભાગ લેવા જણાવવામાં આવે છે. ડીપોઝીટની રકમ તારીખ–૦૩–૧૦–૨૦૨૩ ના રોજ ઓફીસ સમય દરમ્યાન બપોરના ૩–૦૦ કલાક સુધીમાં ભરવાની રહેશે.નિયત સમય સુધીમાં ડીપોઝીટ નહીં ભરનાર હરાજીમાં ભાગ લઈ શકશે નહીં અને ડીપોઝીટની ભરેલ રકમ હરાજીની કાર્યવાહી પુર્ણ થયા બાદ જેની બોલી મંજુર થયેલ હોય તે સિવાયના અન્ય ઈસમોને ડીપોઝીટ પરત આપવામાં આવશે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૭ર

## તારીખ.૨૦–૦૯–૨૦૨૩

ખંભાત શહેરમાં ગવારા ટાવર ધર્મશાળા પાસેથી ગોપાલ ટોકીઝ થી પાણીયારી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝ થી મેતપુર જકાતનાકા સુધી દિવાળી મેળામાં હાથલારી, પાથરણા, સ્ટોલ દુકાન દ્રારા ધંધો કરતાં ઈસમો પાસેથી દૈનિક લાયસન્સ ફી ઉઘરાવવા માટે જાહેર હરાજીથી નીચે જણાવેલ શરતોથી આપવા નકકી કરવામાં આવે છે.

(૧) ઈજારાની હરાજી ભાગ લેવા હરાજીના દિવસ સુધી બપોરના ૩–૦૦ સુધી રૂપીયા ૫૦,૦૦૦/– અંકે રૂપીયા પચાસ હજાર પુરા ડીપોઝીટ મ્યુની. ઓફીસે જમા કરાવવાની રહેશે.

(૨) દિવાળી મેળો ગવારા ટાવર ધર્મશાળા પાસેથી ગોપાલ ટોકીઝ થી પાણીયારી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝથી મેતપુર રોડ જકાત નાકા સુધી હાથ–લારી, પાથરણા, સ્ટોલ, દુકાન વિગેરે ધ્વારા ધંધો કરતાં ઈસમો પાસેથી દૈનિક લાયસન્સ ફી ઉઘરાવવા અંગે તારીખ.૦૮–૧૧–૨૦૨૩ થી તારીખ.૨૭–૧૧–૨૦૨૩ સુધી હંગામી ઈજારાની અપસેટ કીંમત રૂપીયા.૩,૦૦,૦૦૦/–અંકે રૂપીયા ત્રણ લાખ પુરા રાખવામાં આવેલ છે અને તે અંગેની બોલી રૂા.૧૦,૦૦૦/– અંકે રૂપીયા દસ હજારના ગુણાંકમાં બોલવાની રહેશે.

(૩) દિવાળી મેળો ગવારા ટાવર ધર્મશાળા પાસેથી ગોપાલ ટોકીઝ થી પાણીયારી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝથી મેતપુર રોડ જકાત નાકા સુધી દૈનિક લાયસન્સ ફી ઉઘરાવવાનો ઈજારો તારીખ.૦૮–૧૧–૨૦૨૩ થી તારીખ.૨૭–૧૧–૨૦૨૩ સુધીનો જ રહેશે. ત્યાર બાદ ઈજારો રદ થયેલો ગણાશે.

(૪) દિવાળી મેળો હાથલારી વિગેરે અંગેના હંગામી ઈજારો રોજીંદા લાયસન્સ ફી કામની બુકો છપાવવાની જવાબદારી ઈજારેદારની રહેશે. ઈજારેદારે ઈજારાના કામ માટે વાપરવામાં તમામ આવનાર સ્ટેશનરીમાં સહી સિકકા નગરપાલિકાની ટેક્ષ વિભાગમાં કરાવ્યા બાદ જ તેને ઉપયોગમાં લેવાની રહેશે તે સિવાય ઉપયોગમાં લઈ શકાશે નહીં. આ કામે નગરપાલિકા તરફથી કોઈ કર્મચારી કે કોઈપણ જાતની સ્ટેશનરી કે કોઈ

ઓફીસ કે સાધન સામગ્રી ફાળવવામાં આવશે નહીં.

(૫) દિવાળી મેળામાં હંગામી ઈજારદાર હાથલારી, પાથરણા, સ્ટોલ, દુકાન, અન્ય વેપાર કરતાં ઈસમો પાસેથી દૈનિક લાયસન્સ ફી નીચે જણાવેલ પત્રક પ્રમાણે વસુલ કરવાની રહેશે. જેમાં હંગામી ઈજારદાર વધુ રકમ વસુલ કરી શકશે નહીં. અને જો તે ધ્યાન પર આવશે તો હંગામી ઈજારો નોટીસ આપ્યા સિવાય આપો આપ રદ કરી શકાશે.

| | | |
|---|---|---|
| (૧) | ગવારા ટાવર થી ગોપાલ ટોકીઝ થી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝ સામે રૂપી હોટલ પાસેના ઈલેકટ્રીક ડી.પી.થી મેતપુર રોડ રેલ્વે ફાટક સુધી બંને સાઈડે ખુલ્લી જગ્યાનાં મંડપ બાંધે તેના દૈનીક દિન–૧ ના રહેશે. | એક ચોરસ ફુટે રૂા.૩–૫૦ |
| (૨) | ગવારા ટાવર થી ગોપાલ ટોકીઝ થી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝ થી મેતપુર રેલ્વે ફાટક સુધીના નાની મોટી ચકરડી વાળા પાસે ૧ (એક) દિવસના રોજના ઉચ્ચક | ૧– (એક) દિવસ રૂા.૧૦૦–૦૦ |
| (૩) | ગવારા ટાવર થી ગોપાલ ટોકીઝ થી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝથી મેતપુર જકાત નાકા સુધી રોડની બંને બાજુએ. | ૧– (એક) દિવસ ઉચ્ચક ભાવો છે. |
| | (૧) નાસ્તા–ખાણી–પીણીની લારીઓ માટે (બેસવાની જગ્યા સાથેનાં) રોજના દિન–૧ (એક) ના | રૂા.૬૦–૦૦ |
| | (૨) નાસ્તા–ખાણી–પીણીની લારીઓ માટે (બેસવાની જગ્યા સિવાયનાં) રોજના દિન–૧ (એક) ના | રૂા.૪૦–૦૦ |
| | (૩) પાણી પુરીની લારી (ખૂમચા) રોજના દિન–૧ (એક) ના | રૂા.૪૦–૦૦ |
| | (૪) અન્ય પરચૂરણ લારીઓ જેવી કે સીંગદાણા, મમરા, કટલરી વિ. રોજના દિન–૧ (એક) ના | રૂા.૩૦–૦૦ |
| | (૫) આઈસ્કીમની લારીઓના રોજના દિન–૧ (એક) ના | રૂા.૫૦–૦૦ |
| | (૬) ઠંડા પાણીની લારીઓના રોજના દિન–૧ (એક) ના | રૂા.૧૦–૦૦ |
| (૪) | ગવારા ટાવર થી ગોપાલ ટોકીઝ થી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝ થી મેતપુર જકાત નાકા સુધી રોડની બંને બાજુએ પાથરણાં પાથરી ધંધો કરનાર દરેક પાસેથી એક ચોરસ ફુટનાં દિન–૧ (એક) ના | એક ચોરસ ફુટના રૂા.૩–૦૦ |

(૬) આ દિવાળી મેળો હંગામી ઈજારો દિવાળી મેળો ગવારા ટાવર ધર્મશાળા પાસેથી – ગોપાલ ટોકીઝ થી પાણીયારી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝથી મેતપુર રોડ જકાત નાકા સુધી હદ પુરતું મર્યાદિત રહેશે તેમાં ચકડોળ ગ્રાઉન્ડ

હંગામી ઈજારેદારના ક્ષેત્રમાં આવશે નહી

(૭) દારૂખાનાની દુકાનની દૈનીક લાયસન્સ ફી ઉઘરાવવાનું ઈજારદારના કાર્યક્ષેત્રમાં આવશે નહી.

(૮) હંગામી ઈજારદારે શરતોનું ભંગ કરવામાં આવશે તો તે નગરપાલિકા ઈજારો રદ કરવામાં આવશે અને ભરેલ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૯) હંગામી ઈજારદારે હાથલારી, પાથરણા, સ્ટોલ ટ્રાફીકના નિયમોને અગ્રીમતા આપવાની રહેશે તથા પબ્લીકને આવવા જવામાં કોઈપણ જાતની અડચણ રૂપ હશે તો નગરપાલિકા હાથલારી, પાથરણા, સ્ટોલ વિગેરે ઉઠાવી શકશે. પરંતુ સદર બાબતની જાણ જે તે હાથલારી, પાથરણા, સ્ટોલ વાળાને કરવાની જવાબદારી ઈજારદારની રહેશે.

(૧૦) દિવાળી મેળા માટે હાથલારી, પાથરણા, સ્ટોલ વિગેરે દ્રારા ધંધો કરતાં ઈસમો દૈનિક લાયસન્સ ફી ઉઘરાવવા અંગે હરાજીમાં સૌથી વધુ બોલી બોલનારને ઈજારો આપવો કે નહીં તેનો આખરી નિર્ણય નગરપાલિકા હસ્તક રહેશે.

(૧૧) ઉપરોકત નિયમોનાં અર્થઘટન અને અન્ય કોઈ નવા નિયમો નગરપાલિકા દ્રારા સુચવવામાં આવે તે તમામ બાબતો ઈજારેદારને બંધનકર્તા રહેશે અને આખરી નિર્ણય નગરપાલિકાનો જ માન્ય રહેશે.

(૧૨) દિવાળી મેળા માટે હાથલારી, પાથરણા, સ્ટોલ દ્રારા ધંધો કરતાં ઈસમો દૈનિક લાયસન્સ ફી થી ઉઘરાવવા માટેની આ સિવાય કોઈપણ નવી શરત ઉમેરવાની થાય તો તે નગરપાલિકાના પ્રમુખશ્રી તથા એકઝીકયુટીવ કમીટી ચેરમેનશ્રી તથા કમીટીના સભ્યશ્રીઓની હાજરીમાં ઉમેરી શકશે અને આખરી નિર્ણય માનનીય પ્રમુખશ્રી ખંભાત નગરપાલિકાની રહેશે તે ઈજારદારે માન્ય રાખવી પડશે.

(૧૩) ફકત સરકારી અધિકારીશ્રી તરફથી અનિવાર્ય સંજોગોને કારણે કરફયુ જાહેર કરે તથા સરકારશ્રી તરફથી જે કોઈ હુકમ થાય તો તેવી પરિસ્થિતિમાં તે સમય (દિવસ) દરમ્યાનના નાણાં નગરપાલિકા કાપી આપશે. જેમાં ભરેલ રકમના જે તે દિવસ બંધ રહેલ તેને ભાગતા જે રકમ આવશે તેને બાદ કરી આપવામાં આવશે. (કોઈ–પણ પક્ષ કે જાહેર જનતા વિગરે તરફથી આપેલ બંધનું એલાન કરવામાં આવશે

તો તે દિવસ બાદ કરી આપવામાં આવશે નહીં.)

(૧૪) દિવાળી મેળા માટે જે ઈસમની બોલીની રકમ મંજુર થયેલ હશે તેની ઉપર સરકારશ્રી ના નિયમઅનુસાર જી.એસ.ટી. ચાર્જ અલગથી ખંભાત ન.પા.માં ભરવાનો રહેશે.

(૧૫) ઈજારદારે ફાયર સેફટી અંગેની સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે અને કોઈ ફાયર અંગેનો બનાવ બને તો તેની સંપુર્ણ જવાબદારી ઈજારદારની રહેશે.

(૧૬) દિવાળી મેળા માટે હંગામી ઈજારો રાખનારે હરાજીની બોલીની રકમ હરાજીની તારીખથી દિન–૩ (ત્રણ)માં ૫૦% ટકા નાણાં જમા કરાવવાના રહેશે. બાકીની રકમ તારીખ. ૩૦–૧૦–૨૦૨૩ સુધીમાં જમા કરાવવાના રહેશે. મુદત દરમ્યાન જો રકમ ભરપાઈ કરવામાં નહીં આવે તો હરાજીની ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. અને જો ભરપાઈ કરી દેવામાં આવશે તો ડીપોઝીટની રકમ ભરવા પાત્ર રકમમાં જમા આપવામાં આવશે અને બાકીના અન્ય અરજદારોને હરાજી ડીપોઝીટની ભરેલ રકમ હરાજી પછી પરત આપવામાં આવશે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. કનૈયાલાલ મફતભાઈ રાણા
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી.ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. સોનલબેન નિતીનકુમાર જોષી
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા